# આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર દ્વારા સજીવ ખેતી પધ્ધતિ વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગ યોજાયો

આદિવાસી સંશોધન-વ-તાલીમ કેન્દ્ર ખાતે ચાલતી આદિવાસી મહિલા ખેડૂત તાલીમ કેન્દ્ર યોજના અંતર્ગત તારીખ ૨૭/૦૭/૨૦૨૨ ના રોજ **સજીવ ખેતી પધ્ધતિ** વિષય ઉપર એક દિવસીય તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવેલ. આ તાલીમ વર્ગ ની શરૂઆત આણંદ કૃષિ યુનિવર્સિટી ના પ્રેરણા ગીત થકી કરવામાં આવી ત્યાર બાદ કેન્દ્રના વડા **ડૉ.વાય.બી.ચૌહાણ** દ્વારા પ્રાસંગીક ઉદબોધન થકી કેન્દ્રની વિવિધ સંશોધન તેમજ વિસ્તરણની પ્રવૃતિઓ વિશે મહિલા ખેડૂતોને માહિતગાર કરવામાં આવ્યા. આ એક દિવસીય તાલીમ વર્ગમાં કાર્યક્રમની રૂપરેખા મુજબ **ડૉ.વાય.બી.ચૌહાણ** દ્વારા સજીવ ખેતીમાં રોગ જીવાત નિયંત્રણ, **ડૉ. સી. જે.પટેલ** દ્વારા સજીવ ખેતીમાં પાકપોષણ વ્યવસ્થાપન , **શ્રી સંદીપ રાઠોડ** દ્વારા વર્મીકમ્પોસ્ટ બનાવવાની પધ્ધતિ અને તેનું ખેતીમાં કાર્યક્ષમ ઉપયોગ, **ડૉ. એ. વાય.માકાણી** દ્વારા સજીવ ખેતીમાં પ્રમાણપત્ર / જૂથ પ્રમાણપત્ર માટેની પ્રક્રિયા અને **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા પ્રાકૃતિક ખાતર બનાવવાની પધ્ધતિ જેવા જુદાં જુદાં વિષયો ઉપર મહિલા ખેડુતોને માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ સમગ્ર તાલીમ પ્રોગ્રામનું સંકલન **ડૉ.એચ.કે.દેસાઇ** દ્વારા કરવામાં આવેલ જે થકી ગામ - નાની મંગોઈ, તા. દેવગઢ બારીઆના **કુલ ૩૫** જેટલા મહિલા ખેડૂતોએ ભાગ લીધેલ.




